| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૧૨ |

---

**મહેરબાન ભરૂચના પાંચમાં એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૧૭૯/૨૦૨૬**

**આંક : –**

**અરજદાર :– પુનીત મનોહરલાલ કાબરા,**
રહે. આદર્શ કોલોની, નીમ્બાહેરા,
ચિત્તોડગઢ, રાજસ્થાન.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :– ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા માટેની અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી વાય. યુ. મલેક
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી જે. જે. પરમાર

---

**–:: ચુકાદો ::–**

(૧) આ કામનાં અરજદાર/આરોપી આમોદ પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૯૯૦૦૩૨૬૦૧૨૪/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ– ૩૧૬(૩), ૩૧૬(૫), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૬૧(૨)(એ) મુજબના ગુનાની ફરીયાદ ફરીયાદીએ આપેલ હોય સદર ગુનાના આરોપસર અરજદાર/આરોપીની સંભવીત ધરપકડ

થાય તેમ હોય હાલની આગોતરા જામીન ઉપર મુકત કરવા હાલની આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર તરફે વિ. વકીલશ્રી તથા સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.. અરજદાર/આરોપી તરફે **આંક–૦૩ અને આંક–૦૭** થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તથા ત.ક.અધિકારીશ્રીએ **આંક–૦૬** થી રજુ કરેલ એફીડેવીટ ધ્યાને લીધું.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે તેમની જામીન અરજી મુજબની રજુઆત છે અને વિ. વકીલશ્રીની દલીલ છે કે, સમગ્ર એફ.આઇ.આર.ની હકીકતો જોતા, મુખ્યત્વે ડ્રાઇવર તથા સીકયુરીટી ગાર્ડ સામે આક્ષેપો છે અને એફ.આઇ.આર.માં માત્ર ટ્રાન્સપોર્ટ કંપનીનાં માલીકને દર્શાવેલ છે અને આરોપીએ ડ્રાઇવરને કોઇ ફોન કોલ કરેલો હોય કે કોઇ સુચના આપેલ હોય તેવી કોઇ હકીકત એફ.આઇ.આર.માં નથી અને ઇન્ડીયન પીનલ કોડ અથવા બી.એન.એસ. એકટમાં કોઇ વેકરીયશ લાયેબલીટીની જોગવાઇ નથી, જેથી ડ્રાઇવરે કોઇ ક્રિમીનલ એકટ કરેલ હોય તો તેનાં માટે હાલનાં આરોપીને જવાબદાર ઠરાવી શકાય નહી અને આ કામે જે કાંઇ ચોરી થયેલ છે તે ડ્રાઇવરે કરેલ છે, માલીક તરીકે આરોપીનો કોઇ રોલ નથી. વધુમાં એવી દલીલ છે કે, કોન્સપીરિસી માટે મીટીંગ ઓફ માઇન્ડ થવું જરૂરી છે અને એફ.આઇ.આર. મુજબ હાલનાં અરજદાર/આરોપીને માત્ર અનુમાનના આધારે સાંકળવામાં આવેલ છે. સમગ્ર એફ.આઇ.આર. મુજબ આરોપી સામે કોઇ પ્રાઇમાફેસી કેસ નથી, જેથી આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં આરોપી સ્થળ ઉપર હાજર નથી કે તેમની પાસેથી કોઇ મુદ્દામાલ રીકવર કે ડિસ્કવર કરવાનો રહેતો નથી, જેથી આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આરોપીએ

એફ.આઇ.આર. કવોસ કરવા માટે નામ. ગુજરાત હાઇકોર્ટમાં અરજી કરેલ છે, જે પેન્ડીંગ છે, જેથી આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. આરોપી તરફે તેમની દલીલનાં સમર્થનમાં લીસ્ટથી કોન્ટ્રાકટની નકલ, જી.એસ.ટી. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ તેમજ હાલનાં અરજદાર/આરોપીને પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ આમોદ સામે એફ.આઇ.આર. કરવા એક લેખિત ફરીયાદ આમોદ પો.સ્ટે. પી.એસ.આઇ.ને ફરીયાદ કરેલ છે તેની નકલ તથા પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ, આમોદને વકીલશ્રી દ્ધારા નોટીસ મોકલવામાં આવેલ છે તેની નકલ તથા નામ. ગુજરાત હાઇકોર્ટનાં ચુકાદાની નકલ રજુ કરેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની આઇ.ઓ.નાં **આંક–૦૬** નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી આરોપીનાં ગુનાના કામે રોલ પરત્વે રજુઆત કરેલ છે કે, આ કામનાં આરોપી નં. (૪) મહાકાય સોલ્યુશન ટ્રાન્સપોર્ટ કંપનીની બલ્કર વાહન નં. GJ-06-BV-2536 ભારવાહન વાહનનો ડ્રાઇવર કિશન ડ્રાઇવીંગ લાયસન્સ નં. RJ 01 4916 તથા આરોપી નં. (૫) મહાકાય સોલ્યુશન ટ્રાન્સપોર્ટ કંપનીની બલ્કર વાહન નં. RJ-09-GD-5539 નો ડ્રાઇવર રામસ્વરૂપ રામલાલ જાટ, રહે. રાજસ્થાન લાયસન્સ નં. RJ 01 20070120854 તથા આરોપી નં. (૬) મહાકાય સોલ્યુશન ટ્રાન્સપોર્ટ કંપનીની બલ્કર વાહન નં. GJ-06-BV-2740 નો ડ્રાઇવર જયસિંહ રામનારાયણ જાટ, રહે. રાજસ્થાન ડ્રાઇવીંગ લાયસન્સ નં. RJ 48 20200002198 તથા આરોપી નં. (૭) ફ્રેન્ડસ રોડલાઇન ટ્રાન્સપોર્ટ કંપનીની બલ્કર વાહન નં. RJ-09-GE-8924 નો ડ્રાઇવર મુકેશકુમાર શંકરલાલ ગુર્જર, રહે. રાજસ્થાન, લાયસન્સ નં. RJ 09 20180006057 નાઓને જે. કે. લક્ષ્મી સિમેન્ટ, ઉદેપુર તરફથી હાલનાં અરજદાર/આરોપી નં. (૧) મહાકાય સોલ્યુશન ટ્રાન્સપોર્ટ કંપનીનાં માલીક પુનીત મનોહરલાલ બાકરાને ત્રણ વખત તેમનાં ઉકત ત્રણ બલ્કરમાં તેમજ આરોપી નં. (૨) ફ્રેન્ડસ ટ્રાન્સપોર્ટ

કંપનીનાં માલીકને બે વખત તેમનાં બલ્કર વાહન નં. RJ-09-GE-8924 માં પીડીલાઇટ લી., નાહીયેર, આમોદ ખાતે પહોંચાડવા માટે સોંપવામાં આવેલો સિમેન્ટ પાઉડર આરોપી નં. (૩) બોમ્બે ઇન્ટીગ્રેટેડ સીક્યુરીટીના સીક્યુરીટી ગાર્ડ તથા પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લી.નાં વજનકાંટાનાં ઇન્ચાર્જ ભગતસિંહ નીનુરામ રહે. રાજસ્થાન તથા તપાસ દરમીયાન મળી આવેલ આરોપી નં (૮) બોમ્બે ઇન્ટીગ્રેટેડ સિક્યુરીટી (BIS) ના સિક્યુરીટી ગાર્ડ તથા પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડના વજન કાંટાના ઇંચાર્જ જયકિશન દેવાનંદ સિંઘ રહે. ઉતરપ્રદેશનાઓ સાથે ભેગા મળી ગુનાહીત વિશ્વાસઘાત કરી ઉપરોક્ત બલ્કરોમાં રહેલ સિમેન્ટ પાવડર પોતાના આર્થીક ફાયદા સારૂ બદદાનતથી પીડીલાઇટ કંપનીમાં પુરેપુરો માલ ઉતારેલ ના હતો અને તે પુરેપુરો માલ પીડીલાઇટ કંપનીમાં ઉતારેલ છે તે બતાવવા સારૂ આ બલ્કર વાહનોને વજન કાંટા ઉપર પુરેપુરા ઉભા રાખેલ નહી અને માત્ર બલ્કરનો આગળનો કેબીનનો ભાગ ઉભો રાખેલ અને બલ્કરની પાછળનો ભાગ વજન કાંટા બહાર જમીન ઉપર રહેવા દિધેલ. જેથી ફરીયાદીએ તેઓની કંપનીનો છેલ્લા પાંચ માસનો મટીરીયલનો સ્ટોક આજદીન સુધીનો ચેક કરતા આશરે ૫૬૩ મેટ્રીક ટનનો ઘટાડો થયેલ, જેની કી.રૂા. ૨૫,૦૦૦,૦૦/- ની થાય, જેથી ઉપરોક્ત તમામ આરોપીઓએ એકાબીજાના મેળાપીપણામાં પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લી. સાથે ગુનાહીત વિશ્વાસઘાત કરી, ખોટી પાવતીઓ જનરેટ કરી-કરાવડાવી તથા બલ્કર વાહન નં. GJ-06-BV-2536 ના કેબીન સાથે બલ્કર વાહન નંબર RJ-09-GD-1716 ની પાછળની ટાંકીનો ભાગ જોડી લાવી, પાછળની ટાંકીના ભાગે RJ-09-GD-1716 નંબર પ્લેટ ઉપર વાયરથી GJ-06-BV-2536 ની નંબર પ્લેટ લગાડી દઇ, બલ્કરની બન્ને બાજુમાં છાપેલા ઓરીજનલ નં. RJ-09-GD-1716 ઉપર ગ્રીસ લગાડી, ખોટી બનાવટ કરી, ખોટાનો ખરા તરીકે ઉપયોગ કરી આશરે પચ્ચીસ લાખ રૂપીયાની સિમેન્ટ પાવડરનુ પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડ સાથે ખોટો વજન બતાવી, ગુનાહીત

વિશ્વાસઘાત કરી નાશી જઇ, એકાબીજાના મેળાપીપણામાં ગુનો કરેલાનો આક્ષેપ છે. વધુમાં રજુઆત છે કે, સદર ગુનાના કામે અરજદાર/આરોપી તથા સહ–આરોપીઓને પકડી અટક કરવાના બાકી હોય, જેઓ નાસતા–ફરતા હોય જેઓ પકડાયેથી તેઓ કેવી રીતે ગુનાહીત કાવતરૂ રચતા, ખોટી પાવતીઓ જનરેટ કરી–કરાવડાવતા, ખોટી બનાવટ કરતા, ખોટાનો ખરા તરીકે ઉપયોગ કરી આશરે પચ્ચીસ લાખ રૂપીયાની સિમેન્ટ પાવડરનુ પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડ સાથે ખોટો વજન બતાવી ગુનાહીત વિશ્વાસઘાત કરતા તેની ખરાઈ કરી જરૂરી પુરાવાઓ મેળવવાના બાકી હોય તેમજ સદર અરજદાર/આરોપીના પોતાની ટ્રાન્સપોર્ટ કંપની મહાકાય સોલ્યુશનના બલ્કર વાહન નંબર GJ-06-BV-2536, RJ-09-GD-5539, GJ-06-BV-2740 તેમજ અન્ય મુદ્દામાલ રીકવર કરવાનો બાકી છે, જેથી આગોતરા જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આ કામના અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો તેઓ ફરીથી આવા પ્રકારનો ગુનો કરે તેવી પુરેપુરી શકયતા છે અને અગત્યનાં પુરાવા સાથે ચેડા કરે અથવા નાસ કરે તે વાતને નકારી શકાય તેમ નથી તેમજ સહેલાઈથી આગોતરા જામીન મળવાથી સમાજમાં ખોટો મેસેજ જાય તેમ છે, જેથી હાલની આગોતરા જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) ઉપરોકત બન્ને પક્ષકારોની રજુઆતો, ત.ક.અધિકારીશ્રીનુ એફીડેવીટ તથા એફ.આઈ.આર. તેમજ પોલીસ પેપર્સ ધ્યાને લેતા, એફ.આઈ.આર.માં આરોપી નં. ૧ તરીકે મહાકાય સોલ્યુશન ટ્રાન્સપોર્ટ કંપનીના માલીક તરીકે હાલનાં અરજદાર/આરોપી પુનીત કાબરાનું નામ છે. આમ, હાલનાં અરજદાર/આરોપીના નામજોગ એફ.આઈ.આર. છે. વધુમાં હાલનાં અરજદાર/આરોપી ગુનામાં સંકળાયેલ બલ્કરોનાં ટ્રાન્સપોર્ટ કંપનીનાં માલીક છે અને આ ગુનાના સદર બલ્કર વાહનોનાં ડ્રાઈવરો તથા સીકયુરીટી

ગાર્ડનાઓએ એકબીજા સાથેનાં મેળાપીપણામાં પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ સાથે ગુનાહિત વિશ્વાસઘાત કરી ખોટી પાવતીઓ જનરેટ કરી/કરાવડાવી તથા બલ્કર વાહનનાં કેબીન સાથે ટાંકીનો ભાગ જોડી લાવી ખોટી નંબર પ્લેટ લગાવી ખોટી બનાવટ કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી રૂા. ૨૫,૦૦,૦૦૦/– નાં સિમેન્ટ ઓર્ડરનું પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ સાથે ખોટુ વજન બતાવી એકબીજાનાં મેળાપીપણામા ગુનો કર્યાનો આક્ષેપ છે, ત્યારે આરોપીઓએ જે રીતે ગુનાની મોડેસ એપરેન્ડીથી ગુનો આચરેલો છે, તે જોતા ત.ક.અધિકારીશ્રીએ આ તમામ દસ્તાવેજી પુરાવાઓ તેમજ મુદ્દામાલ રીકવર કરવાની જરૂરીયાત ઉપસ્થીત થાય તેમ છે, ત્યારે આવા પ્રકારનાં ગંભીર ગુનામાં આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી. વધુમાં પોલીસ પેપર્સ જોતા, પોલીસે હાલનાં અરજદાર/આરોપીની કોલ ડિટેલ તપાસનાં કામે મેળવેલ છે તથા આર.ટી.ઓ.માંથી ગુનામાં ઉપયોગમાં લેવામાં આવેલ વાહનોની વિગતો મંગાવેલ છે તથા બનાવ સ્થળની વિડીયો ફુટેજ દર્શાવતી હાર્ડડિસ્ક ગુનાના કામે કબજે લીધેલ છે તથા ટેકસ ઇન્વોઇસીસ પણ કબજે લીધેલ છે. આમ, પોલીસ દ્વારા ગુનાના કામે આરોપીઓને ગુના સાથે સાંકળવા પ્રથમદર્શનીય પુરાવાઓ મેળવેલા છે, ત્યારે આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોય, આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૬) વધુમાં આરોપી તરફે એવી રજુઆત છે કે, હાલનાં અરજદાર/આરોપીએ પીડીલાઇટ કંપની સામે એફ.આઇ.આર. નોંધવા એક લેખિતમાં ફરીયાદ પો.સ્ટે.માં આપેલી, જે તા. ૦૯/૦૨/૨૦૨૬ નાં રોજ આપેલ તથા તા. ૦૨/૦૨/૨૦૨૬ નાં રોજ વકીલશ્રી દ્વારા નોટીસ પણ આપવામાં આવેલ, જયારે હાલની એફ.આઇ.આર. તા. ૧૧/૦૨/૨૦૨૬ નાં રોજ દાખલ કરવામાં આવેલ છે, જેથી આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. આ દલીલ લગત જોતા, હાલનાં આરોપીએ

લેખિત ફરીયાદ કરેલ છે તે અલગ વિષયવસ્તુ છે, પરંતુ તેટલા માત્રથી હાલનાં ગુનાની હકીકતો તથા ગુનાની ગંભીરતા જોતા, આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૭) વધુમાં આરોપી તરફે તેમની દલીલનાં સમર્થનમાં કુમાર અજય ગુપ્તા વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો નામ. ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો રજુ કરેલ છે, જેમાં નામ. ગુજરાત હાઈકોર્ટે ક્રિ.પ્રો.કોડની કલમ-૪૮૨ અન્વયે આરોપી સામેની ફરીયાદ કવેશ કરેલ હોય તેમ જણાય છે, તે હકીકત સ્પષ્ટ છે કે, જામીન અરજીનાં તબકકે દરેક કેસની હકીકતો તથા સંજોગો ધ્યાને લઈ જે તે જામીન અરજીનો નિર્ણય કરવાનો રહે છે તે સંજોગોમાં ઉપરોકત નામ. હાઈકોર્ટનો ચુકાદો હાલનાં કેસમાં આરોપીને મદદરૂપ થાય તેમ નથી. આમ, હાલનાં ગુનાની ગંભીરતા જોતા, આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૮) આમ, ઉપરોકત સમગ્ર ચર્ચા કરી તે મુજબ આરોપી સામેનો આક્ષેપીત ગુનાની ગંભીરતા જોતા તથા એફ.આઈ.આર. માં આરોપી નં. ૧ તરીકે હાલનાં અરજદાર/આરોપીનું નામ છે તેમજ આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે તથા આરોપીઓએ એકબીજાનાં મેળાપીપણામાં જે રીતે ગુનો આચરેલો છે, તે જોતા આરોપીનાં કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની આવશ્યકતા જણાય છે તે તમામ હકીકતો તથા સંજોગો જોતા આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું ન હોય, હાલની આગોતરા જામીન અરજી નામંજુર કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદાર/આરોપી **પુનીત મનોહરલાલ કાબરા,** રહે. આદર્શ કોલોની, નીમ્બાહેરા, ચિત્તોડગઢ, રાજસ્થાનનાઓની આમોદ પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૯૯૦૦૩૨૬૦૧૨૪/૨૦૨૬ થી

બી.એન.એસ.ની કલમ–૩૧૬(૩), ૩૧૬(૫), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૬૧(૨)(એ) મુજબના કામે આગોતરા જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

**(૨)** આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

આ હુકમ આજ **તા. ૧૮ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૩/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(પિંકલ એમ. સોની )**
પાંચમા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**